RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 176* Date: 24.04.2020 * Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### મૃત્યુ પામનાર ૬૭ દર્દીમાંથી ૬૦ દર્દી અંગત બિમારીથી પીડાતા હતાઃ સરકારનો ખુલાસો

# કોરોના હોટસ્પોટ વિસ્તારો એડવાન્સ સ્ટેજ-૨માં પહોંચ્યાનો ડર

ગાંધીનગર,તા.૨૩

ગુજરાતમાં વૈશ્વિક મહામારી કોરોના વાઈરસના કેસો ઓછા થવાને બદલે સતત વધી રહ્યાં હોય તેમ આજે પણ નવા ૧૫૨ કેસો નોંધાયા હતા. જો કે છેલ્લાં ૨૪ કલાકમાં ખરેખર કેટલા કેસો નોંધાયા તેનો કુલ આંકડો રોજ સાંજે જાહેર કરવા સરકારે નક્કી કર્યું છે. સવારના નવા ૧૫૨ કેસો સાથે કેસોની સંખ્યા ૨૫૫૯ પર પહોંચી ગઈ છે. આજે વધુ બે દર્દીઓના મોત થયા છે. તે સાથે મૃત્યઆંક ૧૦૬ પર પહોંચ્યો છે. જો કે સરકારે આજે જે જાહેર કર્યું તેમાંથી એવું ફલિત થાય છે કે જેઓ મૃત્યુ પામ્યા છે તેમાંથી મોટા ભાગના દર્દીઓ પોતાની અંગત બિમારીથી એટલે કે ડાયાબિટીશ, બીપી વગેરે.થી પિડાતા હતા. જેનો એક અર્થ એવો થઈ રહ્યો છે કે આ દર્દીઓ કોરોનાને કારણે નહીં પણ પોતાની અંગત બિમારીને કારણે માર્યા ગયા છે...? તો પછી વૈશ્વિક મહામારી કોરોનાના લક્ષણો ધરાવતાં હોય તેનાથી કેટલા દર્દીઓ માર્યા ગયા છે તેની માહિતી સરકારે આપવી જોઈએ. કારણ કે સામાન્ય છાપ એવી છે કે જેઓ માર્યા ગયા તેઓ કોરોનાને લીધે જ માર્યા ગયા છે. પરંતુ સરકારે આજે કંઈક જુદુ જ કારણ જાહેર કર્યું હતું. તેથી સરકારની માહિતી અંગે શંકા વ્યક્ત કરવામાં આવી રહી હોવાનું સૂત્રોએ કહ્યું હતું. તો બીજી તરફ અમદાવાદ માટે સરકાર અને અમ્યુકો તંત્ર તરફથી સારા સમાચાર એ અપાયા કે ૭ જેટલા ક્વોરેન્ટાઈન વિસ્તારો ખોલી દેવામાં આવ્યાં છે. અને ૨૯ જણાં સાજા તથાં રજા આપવામાં આવી છે.



કોરોનામાં સરકારની કામગીરીની માહિતી આપનાર આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો. જયંતિ રવિએ કહ્યું કે, મૃત્યુના પ્રમાણમાં મોટાભાગના કેસોમાં અન્ય બીમારીઓ વધારે હોવાની વાત સામે આવી છે. સરકાર પારદર્શિતાથી મૃત્યુનો આંકડો બતાવે છે. કરજણ તાલુકાના ગોવિંદભાઈ નામના દર્દી શ્વાસ અને કફની તકલીફ સાથે દાખલ કરાયા હતા. તેમને પહેલેથી જ શ્વાસની તકલીફ હતી. મોટાભાગના લોકો અન્ય ગંભીર બિમારીથી પીડાતા હોય છે. મૃત્યુ એવા લોકોના જ થાય છે જેમને પહેલેથી કોઈ બિમારી હોય. તેથી ડાયાબિટીસ અને બ્લડપ્રેશરના દર્દીઓ હોય તો ખૂબ સાવચેતી રાખવી ખૂબ જરૂરી છે. ગંભીર બિમારીવાળા લોકોના જ મોત થયા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કોરોના વાયરસના રોજના ૩૦૦૦ ટેસ્ટ કરીશું. ૨૫૦૦ રેન્ડમ લઈશુ અને ૫૦૦ ટેસ્ટ જે એડમિટેડ છે તેમને ૨ વખત ચેક કરવા પડતા હોય છે એટલે તેમને ટેસ્ટ કરીશું.

ગાંધીનગર ખાતે આરોગ્ય સચિવ જંયતિ રવિએ જણાવ્યું હતુ કે, ગુજરાતમાં કોરોના વાયરસના નવા આંકડા આજથી દિવસમાં એક જ વખત સાંજે ૬ વાગ્યે આપવામાં આવશે. રાજ્યમાં દરરોજ ૩ હજાર ટેસ્ટ કરવામાં આવે છે. ટેસ્ટમાં કોઈપણ પ્રકારનો ઘટાડો કરવામાં આવ્યો નથી. પહેલા જેટલા ટેસ્ટ કરવામાં આવતા હતા તેટલા જ ટેસ્ટ કરાશે. દરરોજના ૩ હજાર ટેસ્ટમાંથી ૨૫૦૦ ટેસ્ટ અલગ-અલગ વિસ્તારમાં કરવામાં આવશે જયારે ૫૦૦ ટેસ્ટ ક્વૉરન્ટીન કરવામાં આવેલા લોકોમાં કરાશે. તેમને આ ખુલાસો એટલા માટે કરવો પડ્યો કેમ કે સરકારે ટેસ્ટીંગના કેસો ઘટાડી દેતા તંત્ર સામે આંગળી ચિંધઝવામાં આવી હતી.

તેમણે વધુમાં કહ્યું કે, રાજ્યમાં કોરોના વાયરસના કારણે મૃત્યુ પામનાર ૬૭ દર્દીમાંથી ૬૦ દર્દી બિમારીથી પીડાતા હતા. ડાયાબિટીસ અને ટીબી જેવી ગંભીર બિમારીઓના કારણે રોગપ્રતિકારક શક્તિ ઘટી જાય છે. ગંભીર બિમારી હોય એ લોકોએ વધારે ધ્યાન રાખવું પડશે. વૃદ્ધો અને બાળકો બહાર ન નીકળે તેમ જણાવ્યું છે.જયંતિ રવિએ કહ્યું કે, જેમની રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય છે અને જેમને ગંબીર બીમારી હોય છે તેમના જ મૃત્યું થાય છે. કોરોનાથી બચવું હોય તો, ઘરમાં જેટલા પણ વધુ ઉંમરના હોય, કોઈ બીમારી હોય, ૫ વર્ષથી ઓછી ઉંમરના હોય, ગર્ભવતી હોય તેમની સાથે ડિસ્ટન્સ રાખવુ જરૂરી છે.

દરમ્યાનમાં સૂત્રોએ કહ્યું કે, ગુજરાતમાં કોરોના ને કારણે સ્થિતિ દિવસેને દિવસે ચિંતાજનક બની રહી છે. ગુજરાતમાં નવા કેસોનો આંકડો સતત વધી રહ્યો છે. ત્યારે ગુજરાત હજુ બીજા સ્ટેજમાં છે. પરંતુ ગુજરાત માટે સૌથી ચોંકાવનારા સમાચાર એ છે કે, ગુજરાતના હોટસ્પોટ વિસ્તારો stage-૨ના એડવાન્સ સ્ટેજમાં પહોંચી ગયાં છે. ગુજરાતના આ હોટસ્પોટ વિસ્તારોમાં કોરોના કોમ્યુનિટી ટ્રાન્સફર થવાની દહેશત છે. કોરોનાને લઈ ગુજરાત માટે ગંભીર સમાચાર એ છે કે, કેટલાક વિસ્તાર એડવાન્સ સ્ટેજમાં હોવાનું સામે આવ્યું છે. બીજા સ્ટેજથી એક કદમ આગળ કેટલાક વિસ્તાર હોટસ્પોટ વિસ્તારમાંથી આવતા કેસ એડવાન્સના આવે છે. હાલ ગુજરાતમાં ૧૫ જેટલા કોરોનાના હોટસ્પોટ વિસ્તારો છે, જેમાં ગુજરાતના ચાર મોટા શહેરો છે.

ગુજરાતમાં કુલ ૧૫ હોટસ્પોટ વિસ્તાર છે. જેમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત અને ભાવનગર સામેલ છે. ગુજરાતમા હાલ કુલ ૨૨૭૨ કેસ કોવિડ ૧૯ના છે, જે ગુજરાતના ૨૮ જિલ્લાઓમાં છે. પરંતુ ગુજરાત માટે આ અતિગંભીર સમાચાર એ છે કે, હોટસ્પોટ કમ્યુનિટી ટ્રાન્સફર વધશે. અત્યાર સુધી ગુજરાત કોરોના કેસ મામલે બીજા સ્ટેજમાં હતું, હવે ત્રીજુ સ્ટેજ આવશે, જે ભયાનક કહેવાય છે. આરોગ્ય સચિવ જયંતી રવિએ પણ કહ્યું કે, ૧૫થી વધુ હોટસ્પોટ વિસ્તારો હવે ત્રીજા સ્ટેજમાં પ્રવેશ કરે તેમ છે. અહીથી મોટા પ્રમાણમાં કમ્યુનિટી ટ્રાન્સફર થતુ હોય છે. જેમાં મોટી સંખયામાં લોકો ચેપગ્રસ્ત બનતા હોય છે. આંકડા પણ બતાવે છે કે જે રીતે દર્દીઓની સંખ્યા વધી છે, તેમાઁથી ૫૦ ટકાથી વધુ કેસ હોટસ્પોટ વિસ્તારોના છે.

### બે લોકોના મોત સાથે મૃત્યુઆંક વધીને ૧૦૬એ પહોંચ્યો

# રાજ્યમાં વધુ ૧૫૨ કેસ પોઝિટિવઃ કુલ આંકડો ૨૫૦૦ને પાર

ગાંધીનગર,તા.૨૩

રાજ્યમાં છેલ્લા બાર કલાકમાં કોરોનાનાં ૧૫૨ નવા દર્દી નોંધાયા છે. આજે બે લોકોના મરણ પણ થયા છે. આરોગ્ય ખાતાના જણાવ્યા અનુસાર, કુલ કન્ફર્મ કેસની રાજ્યની સંખ્યા હવે ૨,૫૫૯ પર પહોંચી ગઈ છે, જેમાં સૌથી વધુ અમદાવાદના ૧૫૯૫ દર્દીઓ છે.




છેલ્લા બાર કલાકમાં જે નવા ૧૫૨ કેસ નોંધાયા છે, તેમાં ૯૪ માત્ર અમદાવાદના જ છે. જ્યારે અમદાવાદ બાદ સુરતમાં સૌથી વધુ ૩૦ કેસ નોંધાયા છે. વડોદરામાં પણ ૧૪ અને આણંદમાં ત્રણ દર્દીઓના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. જ્યારે બનાસકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ભાવનગર, બોટાદ, છોટાઉદેપુર, નર્મદા, પંચમહાલ અને વલસાડમાં એકલ-દોકલ પોઝિટિવ રિપોર્ટ આવ્યા છે.

હાલની સ્થિતિમાં રાજ્યના વિવિધ જિલ્લામાં દાખલ ૨,૨૪૯ દર્દીઓની સ્થિતિ સામાન્ય છે. જોકે, ૨૬ દર્દીઓની સ્થિતિ ક્રિટિકલ હોવાથી તેમને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યા છે. રાજ્યમાં અત્યારસુધી ૧૭૯ને ડિસ્ચાર્જ આપવામાં આવ્યો છે, જ્યારે ૧૦૬ દર્દીઓના મોત નીપજ્યા છે.

કોરોનાના દર્દીના સંપર્કમાં આવેલા કે તેના શંકાસ્પદ લક્ષણો ધરાવતા ૩૪,૪૦૯ લોકોને હાલ ક્વોરન્ટિન કરાયા છે, જેમાં ૨૯,૬૬૭ લોકો હોમ ક્વોરન્ટિન, ૪,૪૩૬ સરકારી ફેસિલિટીમાં અને ૩૦૬ પ્રાઈવેટ ફેસિલિટીમાં ક્વોરન્ટિન કરવામાં આવ્યા છે.

હાલની સ્થિતિમાં રાજ્યના ૨૮ જિલ્લામાં કોરોનાનો પગપેસારો થઈ ચૂક્યો છે. જેમાં અમદાવાદ જિલ્લામા સૌથી વધુ ૧૫૯૫ કેસો, સુરતમાં ૪૪૫, વડોદરામાં ૨૨૫, રાજકોટમાં ૪૧, ભાવનગર અને આણંદમાં ૩૩ જ્યારે ભરુચમાં ૨૪, ગાંધીનગરમાં ૧૯ અને પાટણમાં ૧૫ કેસો નોંધાયા છે. સૌથી વધુ ૬૩ મૃત્યુ અમદાવાદમાં થાય છે, જ્યારે બીજા ક્રમે સુરત આવે છે જ્યાં ૧૩નાં મોત થયા છે. વડોદરામાં પણ ૧૦ દર્દીઓનાં મોત થયા છે, જ્યારે ભાવનગરમાં ૩૩ દર્દીમાંથી ૫ દર્દીએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

### કુલ મૃત્યુઆંક ૬૮૦ને પાર, ૪૨૫૮ લોકો સંપૂર્ણ સ્વસ્થ થયા

# નવા ૧,૪૦૯ કેસ સાથે કોરોના સંક્રમિતોની સંખ્યા ૨૧,૦૦૦ને પાર

ન્યુ દિલ્હી,તા.૨૩

દેશ અને વિશ્વમાં કોરોના વાઈરસનો પ્રકોપ યથાવત છે. ભારતમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૨૧ હજારને પાર પહોંચી ચૂકી છે. દેશમાં આ વાઈરસથી સંક્રમિત લોકોની સંખ્યા ૨૧,૩૭૦ થઈ ગઈ છે. જેમાં ૧૬,૩૧૯ એક્ટિવ કેસ છે. જ્યારે ૪૩૭૦ દર્દીઓ સ્વસ્થ થઈ ચૂક્યાં છે. જ્યારે દેશમાં અત્યાર સુધી આ વાઈરસના કારણે મરનારા લોકની સંખ્યા ૬૮૧ થઈ ગઈ છે.

બીજી તરફ ગુરૂવારે સવારે સ્વાસ્થ્ય મંત્રાલયે રજૂ કરેલા આંકડા પ્રમાણે, દેશમાં કોરોના વાઈરસથી સંક્રમિતોની સંખ્યા વધીને ૨૧૩૯૩ થઈ ગઈ છે. જેમાંથી ૧૬૪૫૪ કેસ એક્ટિવ છે અને ૪૨૫૮ લોકો સંપૂર્ણ સ્વસ્થ થઈ ચૂક્યા છે.

કોરોનાની સૌથી વધુ અસર મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશમાં જોવા મળી રહી છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૩૧ નવા કેસો સામે આવ્યા છે, જયારે અહીં ૧૮ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ રાજ્યમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા વધીને ૫૬૪૯ થઈ ગઈ છે અને ૨૬૯ લોકો મોતને ભેટ્યા છે. દેશમાં છેલ્લા ૧૨ કલાકમાં કોરોના વાઈરસના ૯૨૨ નવા કેસો સામે આવ્યા છે, જ્યારે ૨૯ લોકોના મોત થયા છે.

# કોરોનાઃ ૫ મેટ્રો શહેરોમાં દર્દીઓનો રિકવરી રેટ નીચો, મોદી સરકારની ચિંતા વધી

ન્યુ દિલ્હી,તા.૨૩

મુંબઈ, ઈન્દૌર અને જયપુર જેવા દેશના ૫ મહાનગરોમાં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓનો સાજા થવાનો દર નીચો હોવાથી અને મૃત્યુંદર ઊંચો હોવાથી કેન્દ્ર સરકારની મુશ્કેલીઓમાં વધારો થયો છે. આ મોટા શહેરોમાં કોરોનાનો ચેપ લાગ્યો હોય તેવો દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે.

આ મહાનગરોમાં વાયરસે રોકવા માટે ગયા ૧૦ દિવસોમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા લગભગ બમણી કરીને યુદ્ધ સ્તરે ટેસ્ટિંગ શરૂ કરવામાં આવી રહી છે. જો કે અનેક જગ્યાઓએ ટેસ્ટ કરવા માટે પૂરતી સુવિધા નથી.

કેન્દ્ર સરકારના ડેટા મુજબ, રાષ્ટ્રીય સ્તર પર રિકવરી રેટ ૧૯ ટકાથી વધુ છે પરંતુ મુંબઈ, અમદાવાદ, ઈન્દૌર અને જયપુરમાં કોરોનાના દર્દીઓનો સાજા થવાનો દર નીચો છે. જયપુર અને ઈન્દૌરમાં રિકવરી રેટ ૮ ટકાથી પણ નીચો છે. ત્યાંજ મુંબઈમાં રિકવરી રેટ ૧૩ ટકા છે જ્યાં સંક્રમણના સૌથી વધારે કેસ છે અને વાયરસથી મૃત્યું પામનારા દર્દીઓની સંખ્યા પણ સૌથી વધારે છે. આ મામલે દિલ્હીનું પ્રદર્શન સૌથી શ્રેષ્ઠ છે અહિંયા રિકવરી રેટ ૨૮ ટકા છે.

એક વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું કે, કોઈ શહેરમાં મૃત્યુંદર વધારે અને સ્વસ્થ થવાનો દર નીચો છે તેનો અર્થ એવો હોઈ શકે કે ત્યાં સંક્રમિત દર્દીઓની જાણ મોડી પડી રહી છે. આનાથી સંક્રમણ ગંભીર અવસ્થામાં પહોંચી જાય છે. જેને કારણે દર્દીઓને સ્વસ્થ થવામાં સમય લાગે છે અને તેમનું મોત થઈ જાય છે.

એક અન્ય વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું કે, કન્ટેનમેન્ટ ઝોન અને ટેસ્ટિંગની સંખ્યા વધારીને ૩ મે સુધી જેટલું વધુ બની શકે તેટલું કોરોના સંક્રિય કેસોની ઘટાડવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ૩મેં બાદ આ ૬ મહાનગરોમાં તબક્કાવાર રીતે લોકડાઉન હટાવવામાં આવી શકાય છે જો કે સંપૂર્ણ રીતે છૂટછાટ અપાશે નહીં.

# કોઈ ભૂલ ના કરે, કોરોના વાયરસ આપણી સાથે લાંબા સમય સુધી રહેશેઃ WHO

જિનિવા,તા.૨૩

આખી દુનિયા હાલ કોરોના વાયરસ મહામારી સામે જંગ લડી રહી છે, વિશ્વભરમાં અત્યાર સુધીમાં ૨૫ લાખ ૬૦ હજારથી વધુ લોકો સંક્રમિત થઈ ચૂક્યા છે અને ૧ લાખ ૭૭ હજારથી વધુ લોકો જીવ ગુમાવી ચૂક્યા છે, ભારતમાં પણ કોરોના વાયરસનો પ્રકોપ વધતો જઈ રહ્યો છે, સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા મુજબ ભારતમાં કોરોના વાયરસ પોઝિટિવ મામલાની સંખ્યા ૨૦૪૭૧ થઈ ગઈ છે અને ૬૫૨ લોકોના મોત થયા છે. દેશમાં હાલ ૧૫૮૫૯ એક્ટિવ કેસ છે. ૩૯૫૯ દર્દી ઠીક થઈ ઘરે જઈ ચૂક્યા છે.

આ મહામારીને લઈ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનનું કહેવું છે કે આ કોરોના એટલી જલદી દુનિયાનો પીછો નહિ છોડે, કોરોનાથી છૂટકારો મેળવવામાં દુનિયાને સમય લાંબો સમય લાગશે, બુધવારે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને આ વાતની જાણકારી આપતા કહ્યું કે દુનિયા કોરોના વાયરસથી નિપટવાના પોતાના શરુઆતી પ્રવાસમાં છે, વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના મહાનિદેશક ટેડ્રોસ અદનોમે કહ્યું કે જે દેશોને કોરોના પર કાબૂ મેળવી લીધું હોય તેવું લાગી રહ્યું છે ત્યાં ફરીથી કોરોનાના મામલા વધી રહ્યા છે, આફ્રીકા, અમેરિકામાં કોરોના વાયરસના મામલા વધવામાં સતત તેજી જોવા મળી રહી છે જે ખતરાની ઘંટડી છે.તેમણે કહ્યું કે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને ૩૦ જાન્યુઆરીએ વૈશ્વિક આપાતકાળની ઘોષણા કરી હતી, જેનાથી તમામ દેશ કોરોના વાયરસ મહામારી વિરુદ્ધ યોજના બનાવી શકે અને તૈયારી કરે, અગાઉ પણ ટેડ્રોસ અદનોમે કહ્યું હતું કે આનાથી પણ ખરાબ સમય આવશે.

### કોરોના સંકટ વચ્ચે મોદી સરકારનો મોટો નિર્ણય

# કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થા પર જુલાઈ-૨૦૨૧ સુધી પ્રતિબંધ

**૧ જાન્યુઆરી ૨૦૨૦ પછી જોઈન કરનાર કેન્દ્રીય કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું જુલાઈ ૨૦૨૧ સુધી અટકાવ્યું, સરકારને ૧૪,૫૯૫ કરોડ રૂપિયાની બચત થશે**

ન્યુ દિલ્હી,તા.૨૩

દેશમાં કોરોનાના અચાનક આવી પડેલા સંકટના કારણે ભારતીય અર્થવ્યવસ્થાને મોટુ નુકસાન થવાનુ છે. આ તમામની વચ્ચે સરકારે ગુરૂવારના રોજ ભારત સરકારે મોટો નિર્ણય કર્યો છે. આ નિર્ણય અંતર્ગત જોઈએ તો, કેન્દ્રીય કર્મચારીઓને મળતા મોંઘવારી ભથ્થા એટલે કે, ડીએ પર રોક લગાવી દીધી છે. આ રોક જૂલાઈ ૨૦૨૧ સુધી રહેશે.

નાણામંત્રાલય તરફથી કરેલી જાહેરાત મુજબ જોઈએ તો, કોરોના વાયરસના સંકટના કારણે ૧ જાન્યુઆરી ૨૦૨૦ બાદ કેન્દ્રીય કર્મચારીઓના અથવા પેંશનધારીઓને મળતુ ડીએની રકમ આપવામાં નહીં આવે. ૧ જૂલાઈ ૨૦૨૦થી જે વધારાનું ડીએ મળતુ હતું તે પણ આપવામાં નહીં આવે.

અહીં ઉલ્લેખનીય છે કે, કોરોનાના સંકટના કારણે કેન્દ્ર સરકારે અનેક યોજનાઓમાં કાપ મુક્યો છે. આ અગાઉ ગુરૂવારના રોજ બજેટમાં કાપ મુકવાની વાત પણ સામે આવી છે. જયાં નવા પ્રોજેક્ટના ખરીદી પર થોડા સમય માટે બ્રેક લેવામાં આવી શકે છે.

કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનધારકો માટે મોંઘવારી ભથ્થામાં ૪ ટકાના વધારાને રોકાથી સરકાર દર મહિને સરેરાશ ૧,૦૦૦ રૂપિયાની બચાવી શકે છે.

સરકારે મોંઘવારી ભથ્થું વધારવા માટે ૧૪,૫૯૫ કરોડ રૂપિયાનો વધારાનો ખર્ચ નિર્ધારિત કર્યો હતો. કોરોના વાયરસના પ્રસારને રોકવા માટે દેશમાં લાગુ લૉકડાઉનથી દેશની અર્થવ્યવસ્થાને ઘણું ભારે નુકસાન પહોંચ્યું છે.

## તંત્રી સ્થાનેથી...

# કપરો કાળ આવશે

શું દુનિયા, શું દેશ? શું મહારાષ્ટ્ર, શું ગુજરાત? ક્યાંય કોરોના વાઈરસનો ઉપાડો ઘટ્યો નથી, બલ્કી વધી રહ્યો છે. મુંબઈનો જ કેસ જુઓ: દર્દીની સંખ્યા એક હજારે પહોંચતા ૩૦ દિવસ થયા, પછીના છ દિવસે બે હજાર અને પછીના ચાર દિવસમાં ત્રણ હજાર! જતો રહેલો કોવિડ-૧૯ ચીનના વુહાનથી લઈને રાજસ્થાનના ભીલવાડામાં ફરી માથું ઊંચકે એ ખૂબ ચિંતાજનક ગણાય.સામાન્ય માનવીઓ લોકડાઉન, તેનાથી થતી હાલાકી અને ન મળતી ચીજ-વસ્તુઓની ચર્ચામાંથી ઊંચા આવતા નથી, ત્યાં વર્લ્ડ હેલ્થ સેન્ટર એટલે 'હુ' તરફથી આઘાતજનક આગાહી કરાઈ છે. લોકડાઉન ઉઠાવવા કે રાહતો મળવાની પ્રતીક્ષા વચ્ચે આ વિશ્ર્વ આરોગ્ય સંગઠનના વડા ટેડ્રોસ એડહોનમે ચેતવણી આપી છે કે કોવિડ-૧૯ રોગચાળાનો વધુ સમય જોવાનો બાકી છે. તેમણે તો સ્પષ્ટતા કરી કે સૌથી ખરાબ સમય હજી આવવાનો છે. આ સાથે જ ઉતાવળે કે યોગ્ય સમય પહેલા લોકડાઉન હટાવવાથી રોગચાળો વધુ જોશમાં આવશે, એવી એમની ચેતવણી પણ અવગણી શકાય એમ નથી.'હુ' તો માને છે કે આફ્રિકા ઉપખંડમાં હવે રોગચાળો બેકાબૂ બની શકે છે અને દર્દી-મોતના આંકડા અનેક ગણા વધી શકે છે. ઘણા દેશ લોકડાઉન હટાવવાની દિશામાં આગળ વધી રહ્યા છે, ત્યારે આ લાલબત્તી સામે આંખ આડા કાન કરવાનું ઘણું ભારી પડી શકે.અત્યાર સુધી દુનિયાભરમાં લોકડાઉનના ફાયદા જોવા મળ્યા છે અને ન જાણે કેટલાયના જીવ બચી ગયા છે. આવા સંજોગોમાં કોઈ પણ પગલું ખૂબ વિચાર્યા બાદ જ નહિ, દરેક પાસાનો વિશદ અભ્યાસ બાદ જ લેવાવો જોઈએ.'હુ'ના રિજ્યોનલ ડિરેક્ટર તાકેશી કસાઈ તો ત્યાં સુધી કહે છે કે કોવિડ-૧૯ તો અકસીર ઈલાજ કે રસી ન મળે ત્યાં સુધી આપણે લોકડાઉનને સામાન્ય બાબત તરીકે સ્વીકારી લેવાની જરૂર છે.સિંગાપોર, જાપાન અને ચીનમાં કોવિડ-૧૯નું પુનરાગમન આપણી સામે જ છે. એટલે એક યા બીજા સ્વરૂપે લોકડાઉનને લાંબો સમય સ્વીકારવો પડશે. અંશતઃ લોકડાઉન, માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સીંગ સાથે લાંબા સમયનો સંબંધ બાંધવો હિતાવહ સાબિત થશે. હા, આ બધા વચ્ચે કંઈ બાબતમાં કેટલી-કેવી રાહત આપવી એ સરકારે નક્કી કરવું પડશે. આ લડાઈ માત્ર સરકારની નથી, આપણી સોની છે.ભારતમાં કોરોનાના સતત વધી રહેલા કેસ વચ્ચે રેટિંગ સંસ્થા ફિચે ફરીવાર ભારતના જીડીપી દરમાં ઘટાડાનું અનુમાન કર્યુ છે. ફિચના જણાવ્યા પ્રમાણે ચાલુ વર્ષે ભારતનો વિકાસ દર ૦.૮ ટકા એટલે કે એક ટકાથી ઓછો રહેશે.આ પહેલા ફિચે ૨૦૨૦-૨૧માં ભારતનો વિકાસ દર ૪.૯ ટકા રહેલાનું અનુમાન કર્યુ હતુ. ફિંચના અનુમાન પ્રમાણે ભારતમાં ચાલુ વર્ષે સતત ત્રિમાસિક ગાળા દરમ્યાન નકારાત્મક વૃદ્ધિ રહશે. એપ્રિલથી જૂન સુધી માઈનસ ૦.૨ ટકા અને જુલાઈથી સપ્ટેમ્બર સુધી માઈનસ ૦.૧ ટકા વિકાસ દર રહેશે.ફિચના મુખ્ય અર્થશાસ્ત્રી બ્રાયન કુલ્ટરને જણાવ્યુ કે, કોરોનાના કારણે ૨૦૨૦માં દુનિયાના વિકાસ દરમાં ૩.૯ ટકાનો ઘટાડો થવાનું અનુમાન છે. ૨૦૦૯માં જે મંદી આવી હતી, તેનાથી સૌથી મોટી મંદી દુનિયામાં આવી રહી છે. તો એડીબીએ ૨૦૨૦-૨૦માં ભારતનો વિકાસ દર ચાર ટકા રહેવાનું અનુમાન કર્યુ છે. જ્યારે કે આઈએમએફે ભારતના વિકાસ દર ૧.૯ અને વિશ્વબેંકે ૧.૫ ટકાનું અનુમાન લગાવ્યુ છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૨૪/૦૪/૨૦૨૦, શુક્રવાર, ચૈત્ર સુદ-૧
સૂર્યોદય-૬-૨૨, સૂર્યાસ્ત-૭-૦૯, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : મેષ (અ.લ.ઈ.), નક્ષત્રઃ ભરણી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૬-૨૧ થી ચલ-લાભ-અમૃત-૧૧-૦૯ સુધી, ૧૨-૪૫ થી શુભ-૧૪-૨૧ સુધી, ૧૭-૩૩ થી ચલ-૧૯-૦૯ સુધી, ૨૧-૫૭ થી લાભ-૨૩-૨૧ સુધી

- શુભ હોરા-
૬-૨૧ થી ૯-૩૩ સુધી, ૧૦-૩૭ થી ૧૧-૪૧ સુધી, ૧૩-૪૯થી ૧૭-૦૧ સુધી, ૧૮-૦૫ થી ૧૯-૦૯ સુધી

## દૈનિક રાશીફળ

તા. ૨૪-૦૪-૨૦૨૦ શુક્રવાર

મેષ(અ.લ.ઈ.) :- તમારી મહેનત જરૂર સફળતા અપાવશે નવી યોજનામાં અનુકુળતા અંધશ્રધ્ધાથી દૂર રહેજો.
વૃષભ(બ.વ.ઉ.) :- કર્મચારી વર્ગનો સહકાર મલવાનો. વિદેશથી લાભ મિત્રો સાથે પ્રવાસનું આયોજન થાય. નોકરીમાં કાર્યભાર રહે.
મિથુન(ક.છ.ઘ.) :- તમારા ધ્યેયને યોગ્ય દિશામાં વાળવાથી સફળતા મલવાની. આત્મવિશ્વાસ કેળવવો. પ્રવાસથી લાભ રહે.
કર્ક(ડ.હ.) :- સામાજીક સ્તરે તમો છપાયેલા રહેવાના નોકરીમાં લાભ સીઝનલ ધંધામાં અનુકુળતા રહે. માતુશ્રીનો સહકાર રહે.
સિંહ(મ.ટ.) :- હરીફો ઉપર વર્ચસ્વ વધવાનું નોકરીમાં પ્રમોશનના ચાન્સ રાજકીય લાભ મલવાનો. મિલ્કતથી લાભ રહેશે.
કન્યા(પ.ઠ.ણ.) :- સીઝનલ ધંધામાં અનુકુળતા રહેવાની પિતાશ્રીનો સહકાર સાર રહે. યાત્રા પ્રમાણમાં અનુકુળતાઓ રહેશે.
તુલા(ર.ત.) :- માનસીક અશાંતિ માટેના કારણો જાણવાની કોશીષ કરવી જરૂર શાંતી મલશે. વાણી ઉપર સંયમ રાખવો પ્રવાસ થાય.
વૃશ્ચિક(ન.ય.) :- ઉત્સવ મોજ વસ્તીમાં સમય ન બગડાતા તમારા કાર્યોને વળગી રહેજો વિદેશ જવાની તક માટે સારો સમય રહે.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- આર્થિક લાભ મેળવવાના તમારા પ્રયત્નો ફળવાના જેમાં શંકા ન રાખતા સામાજીક પ્રતિષ્ઠા જળવાઇ રહેશે. મિલકતથી લાભ
મકર(ખ.જ.) :- પરમાત્માની કૃપા હશે તો દરેક અધરા કાર્યોમાં પણ સફળતા મેળવશો તે ન ભુલતા. મિત્ર વર્તુળોનો સહકાર સારો રહેશે.
કુંભ(ગ.શ.સ.) :- વહેવારૂ અભિગમ અપનાવજો શેર સટ્ટામાં લાભ રહેશે. યાત્રા પ્રવાસમાં અનુકુળતા રહેશે. તબીયત બાબત જાળવવું.
મીન(દ.ચ.ઝ.) :- અંગત વિચારોને વળગી રહેજો. અહિ તમારા વિચારો તમારી જીવનશૈલીને અનુરૂપ હોવા જોઇએ નોકરીમાં કાર્યભાર રહે.



આજ રોજ પાટણ જિલ્લા ના સિધ્ધપુર તાલુકાના કલ્યાણ ગામ ના ચૌહાણ વાસ ના જાગૃત યુવાનો દ્વારા ચૌહાણ વાસમાં ડોર ટુ ડોર જઈને ઉકાળાનું વિતરણ કરવા માં આવ્યું હતું...જેમાં કલ્યાણ ગામ ના પ્રથમ નાગરિક સરપંચશ્રી મહેશભાઈ , પ્રકાશભાઈ(માં ૯લ૪બર),,િપયુ૭ાભાઈ(માં સાઉન્ડ),રોહિતભાઈ,રામજીભાઈ,મેહુલભાઈ,રજનીકાંત,રાહુલભાઈ,કૃણાલ,ઉમંગ, એ ભારે જહેમત ઉઠાવીને ડોર ટુ ડોર જઈને ઉકાળાનું વિતરણ કરી.એક સેવાનું ઉત્તમ ઉદારહણ પૂરું પાડ્યું હતું.અને અમારા તમામ ચૌહાણ વાસ યુવાનો આવા **covind 19** ના સમય માં એક ઉત્તમ સેવા કરી પોતાનું અમૂલ્ય યોગદાન આપેલ છે..તે બદલ ચૌહાણ વાસ ના તમામ યુવાનો નો ચૌહાણ આનંદકુમાર દ્વારા આભાર માનવામાં આવ્યો હતો..અને ઘરે રહો સુરક્ષિત રહો..ની અપીલ કરી હતી.... તસ્વીર નિખિલ જોષી હારીજ ચાણસ્મા

# લોકડાઉન ઈફેક્ટઃ ભારતમાં ૨૦ વર્ષમાં સૌથી ઓછું વાયુ પ્રદૂષણ

વોશિંગ્ટન,તા.૨૩

દેશમાં કોરોનાવાયરસના લીધે ૪૦ દિવસનું લોકડાઉન લાગ્યું છે. ૩ મે સુધી આ લાગૂ રહેશે. આ દરમ્યાન દેશના કેટલાંય ભાગમાં વાયુ પ્રદૂષણમાં જબરદસ્ત ઘટાડો નોંધાયો. અમેરિકન સ્પેસ એજન્સી નાસાના મતે ઉત્તર ભારતમાં છેલ્લાં ૨૦ વર્ષમાં આવો ઘટાડો નોંધાયો છે. એજન્સીના સેટેલાઇટ સેન્સરે જાણ્યું કે ઉત્તર ભારતમાં એયરોસોલ લેવલ એટલે કે વાયુ પ્રદૂષણ છેલ્લાં ૨૦ વર્ષમાં સૌથી ઓછું મપાયું છે.

યુનિવર્સિટી સ્પેસ રિસર્ચ એસોસીએશનના પવન ગુપ્તા કહે છે કે અમને ખબર હતી કે લોકડાઉન દરમ્યાન અમને કેટલીય જગ્યા પર વાયુમંડળીય સંરચનામાં પરિવર્તન જોઇશું, પરંતુ મેં આટલું ઓછું એયરોસોલ લેવલને ક્યારેય જોયું નથી.સાઉથ એન્ડ સેન્ટ્રલ એશિયાના સહાયક સચિવ એલિસ જી વેલ્સે કહ્યું કે નાસાની આ તસવીરોને ૨૦૧૬મા શરૂ થનાર દરેક વસંતમાં લેવાયા હતા અને એ દેખાડે છે કે ભારતમાં છેલ્લાં ૨૦ વર્ષમાં સૌથી ઓછું પ્રદૂષણ છે. ભારત અને દુનિયાના બીજા દેશ એક વખત ફરીથી કામકાજ અને યાત્રાની તૈયારીઓ કરી રહ્યા છે એવામાં આપણે આને ભૂલવું જોઇએ નહીં.

આપને જણાવી દઇએ કે ભારતમાં લોકડાઉનની શરૂઆતમાં એર પોલ્યુશનમાં ફેરફારની ખબર પડવી મુશ્કેલ હતી. પ્રદૂષણ સ્તરમાં ઘટાડો મુખ્યત્વે લોકડાઉન તો હતું સાથો સાથ ઉત્તર ભારતમાં કેટલાંક રાજ્યોમાં વરસાદ પડ્યો હતો. વરસાદ બાદ એયરોસોલ લેવલ વધ્યું નથી. તેના લીધે વાયુ પ્રદૂષણ ૨૦ વર્ષની નીચલી સપાટી પર પહોંચી ગયું.કેટલાંય પર્યાવરણવિદોનું માનવું છે કે લોકડાઉન ખત્મ થયા બાદ સરકારે આ તરફ ધ્યાન આપવું જોઇએ જેથી કરીને આ સ્થિતિને યથાવત રાખી શકાય.

# "મધુર સમપદી" એપીસોડ ૨ : સોસીયલ ડીસ્ટેંસિન્ગ




મોદી સાહેબની મધુર સમપદીના બીજા સોસીયલ ડીસ્ટન્સીગના મુદ્દાને પ્રેક્ટીક્લ રીતે સમજાવવા મધુરના ચેરમેનશ્રીએ દશેલા ખાતે આવેલ નવી મધુર ડેરી સાઈટ અને શાકભાજી પ્રોસેસિંગ સેન્ટર ઉપર શાકભાજીની ટીમ સાથે હાજરી આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે આવી કટોકટીની પરિસ્થિતિમાં મધુર દ્વારા આવશ્યક સેવાઓ દૂધ અને ખાસ તો શાકભાજીની સેવા ચાલુ છે. મધુર ડેરી માત્ર દૂધ અને દૂધની બનાવટો નહીં પણ શાકભાજી અને ફળ જેવી તરતજ નાશ પામતી પ્રોડકટનું પણનડિલિંગ કરે છે. આજની વિકટ સ્થિતિમાં રોજના ૫ થી ૧૦ ટન તાજા શાકભાજી અહી પ્રોસેસ કરીને સ્વચ્છ થેલીઓમાં પેક કરીને મધુર કેન્દ્રો ઉપર પહોંચાડવામાં આવે છે. વ્યવસ્થાના ભાગરૂપે અમારા ખેડૂતો પાસેથી જે શાકભાજી મળે છે તે સીધા અહી લાવવામાં આવે છે બાકીની શાકભાજી આલામપુર ખાતે અમારા વિશેષ જથ્થાબંધ કેન્દ્ર ઉપર ખરીદી કરીને અહી લાવવામાં આવે છે. તમામ કર્મચારીઓ સૂરક્ષાના ભાગરૂપે અહી સોસીયલ ડિસ્ટનસિંગ જણાવે છે. તેમણે જનાવ્યુ હતુ કે લોકડાઉનમા આવશ્યક કામ સિવાય બહાર ના નીકળવુ જોઈએ અને બહાર જવાનુ થાય તો પણ ઓછામા ઓક્ચુ એક મિટર અંતર રાખવુ જરૂરી છે. મધુર પાર્લર ઉપર શાકભાજી અને દુધ લેવા આવતા ગ્રાહકો આ નિયમનુ પાલ્ન કરે છે એનો એમણે આનંદ વ્યક્ત કર્યો હતો. ગાંધીનગર શહેરના નાગરિકો મધુરના પેકિંગમાં શાકભાજી ખરીદે એ જરૂરી છે કારણ અહી એકવાર પેક થાય પછી બીજા ગ્રાહકોના હાથનો સ્પર્શ થવાનો નથી. આ શાકભાજી આપની સોસાયટીમાં પણ પહોંચાડી શકીએ જો આપના સોસાયટીના ચેરમેન સેક્રેટરી અમને શાકભાજીનો જથ્થાબંધ ઓર્ડર અપાશે તો એ શક્ય બનશે. તેમણે ગાંધીનગર શહેર્ના પોલીસ તંત્રનો આભાર માનતા જનાવ્યુ હતુ કે મધુરના તમામ પાર્લરોની આસપાસ સામાજીક અંતર જળવાય તે માટે પોલીસ મિત્રો માઈક્રોફોનમા જાહેરાત પણ કરે છે. તેમણે મધુરના એમડીશ્રી અને સમગ્ર ટીમની કામગીરી બિરદાવી હતી. સોસીયલ ડિસ્ટનસિંગએટલે શારિરીક અંતર સંબંધોમા અંતર નથી લાવવાનુ. પોતાના કુટુંબીજનો સિવાય કોઈના પણ સંપર્કમાં આવો ત્યારે ઓછામાં ઓછા એક મીટરનું અંતર જણાવીએ. આ વાયરસના ચેપથી બચવા ખૂબ કામ લાગશે. અને હા જો સામેવાળાએ માસ્ક કે રૂમાલથી મો ન ઢાક્યું હોય તો તમે વધુ અંતર જાળવો. તેમણે એ પણ જણાના હતુ કે ગામમાં પશુપાલક મિત્રો મંડળી ઉપર દૂધ ભરાવવા આવે ત્યારે ત્યાં દોરેલા કુંડાણામા ઉભા રહી વારાફરતી દૂધ ભરાવે જેથી સામાજિક અંતર જળવાય રહે.

# રોટરી ક્લબ ઓફ પાટણ, રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ તથા શ્રી વૈશ્ય સુથાર જ્ઞાતિ મંદિર ટ્રસ્ટ પાટણ COVID - 19 અંતર્ગત રાશન કીટ વિતરણ

COVID - 19 ની મહામારીમાં સમગ્ર દેશ ઝપટમાં આવી ગયો છે. ત્યારે જરૂરિયાત મંદ લોકો ને જરૂરી રોજિંદુ ભોજન મળી રહે તે હેતુસર રોટરી ક્લબ ઓફ પાટણ, રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ પાટણ જિલ્લો તથા શ્રી વૈશ્ય સુથાર જ્ઞાતિ મંદિર ટ્રસ્ટ પાટણ ના સંયુક્ત સહયોગથી ભારે જહેમત ઉઠાવીને રોજિંદા જીવનની જરૂરી ચીજવસ્તુઓ ઘઉંનો લોટ, ચોખા, મરચું મીઠું, હળદર, તેલ, તુવેરની દાળ, દેશી ચણા અને ડુંગળી-બટાકાની ૫૦૦/ રૂપિયાની એક એવી ૨, ૫૦, ૦૦૦/( અંકે બે લાખ પચાસ હજાર) રૂપિયાની કુલ ૫૦૦ જેટલી કીટો બનાવવામાં આવી. પ્રવર્તમાન સમયમાં ધંધા અને રોજગાર બંધ હોવાથી દરરોજ નું કમાઈને ખાનારા વર્ગને વધુ




મદદરૂપ થઇ શકાય તેવો પ્રયત્ન કરવામાં આવેલ છે. આવા લોકોનો ત્રણેય સંસ્થાઓ દ્વારા સર્વે કરીને સર્વે કરેલ લોકો ને જ કીટ પહોંચાડવામાં આવશે. આ પ્રોજેક્ટ અંતર્ગત પાટણના વતની અને હાલ કુવૈત રહેતા પટેલ હિતેષભાઇ એ શ્રી ધનરાજભાઇ ઠક્કર સાથે ટેલિફોનિક ચર્ચા કરીને પાટણ ની ચિંતા વ્યક્ત કરતાં ૪૦ જેટલી રાશન કીટ આપી પાટણ પ્રત્યેનું ઋણ અદા કરેલ છે. તે બદલ ત્રણેય સંસ્થાઓ તેમનો દિલ થી આભાર વ્યક્ત કરે છે. સમગ્ર કીટ તૈયાર કરવામાં શ્રી વૈશ્ય સુથાર જ્ઞાતિ મંદિર ટ્રસ્ટ પાટણના શ્રી પ્રતિકભાઇ સુથાર, રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ના પ્રદેશ અધ્યક્ષ શ્રી રમેશભાઇ ચૌધરી, રોટરી ક્લબ ઓફ પાટણ ના પ્રમુખશ્રી રો. ઘેમરભાઇ ભાઈ દેસાઈ, પ્રોજેક્ટ ચેરમેન તથા રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ પાટણ જિલ્લાના અધ્યક્ષ શ્રી રો. ધનરાજ ભાઈ ઠક્કર, સંગઠન મંત્રી હિરેનભાઈ પ્રજાપતિ, પ્રો.ચે.રો. શૈલેષભાઈ સોની, પ્રો. કો-ચે. રો. વિનોદભાઈ સુથાર, રો. ઝુઝાર સિંહ સોઢા, ક્લબ ટ્રેનર રો. બાબુભાઈ પ્રજાપતિ રો.અશ્વિનભાઈજોશી રો. જયરામભાઈ પટેલ રો. નૈતિક ભાઈ પટેલ અને તેમની ટીમ, જે. ડી.ઠક્કર, રાજુભાઈ ઠક્કર, શ્રી યોગેશભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા............ આ સમગ્ર પ્રોજેક્ટને સફળ બનાવવા બદલ સહયોગ આપનાર સર્વે રોટરી મિત્રો, શિક્ષક મિત્રો, નગરજનો, સર્વે દાતાશ્રીઓ નો અંતઃરણપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.

# સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહઃ સોનું રૂ.૮૪૨ વધ્યું, ચાંદી રૂ.૬૨ ઢીલીઃ ક્રૂડ તેલ વધુ ઘટ્યું

## કોટન, સીપીઓ, મેન્થા તેલમાં સાર્વત્રિક નરમાઈનો માહોલઃ કપાસમાં સુધારાનો સંચારઃ પૂરા સત્રમાં કુલ રૂ. ૧૫૮૪૯ કરોડનું ટર્નઓવર

મુંબઈઃ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૩૭૭૩૨૦ સોદામાં રૂ. ૧૫૮૪૯.૯૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ. ૧૫૪૮૮.૭૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૩૬૧.૧૬ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ હતા. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૮૪૨ વધ્યો હતો, જ્યારે ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૬૨ ઢીલો બંધ થયો હતો. નિકલ સિવાયની બિનલોહ ધાતુઓ વધી હતી. એનર્જીમાં ક્રૂડ તેલમાં ૧,૨૧,૪૧,૪૦૦ બેરલ્સના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં બેરલદીઠ વધુ રૂ.૩૮૭ ઘટ્યા હતા. નેચરલ ગેસ પણ ઘટ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં કોટન, સીપીઓ, મેન્થા તેલમાં સાર્વત્રિક નરમાઈનો માહોલ વાયદાના ભાવમાં રહ્યો હતો, જ્યારે કપાસમાં સુધારાનો સંચાર હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૭૧૧૪૫ સોદાઓમાં રૂ. ૮૬૭૧.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૫૭૬૮ ખૂલી, ઊપરમાં રૂ. ૪૬૨૪૫ અને નીચામાં રૂ. ૪૫૫૬૦ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮૪૨ વધીને રૂ. ૪૬૧૬૭ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૧૨ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૭૬૭૮ અને ગોલ્ડ-પેટલ એપ્રિલ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯૫ વધીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૬૬૯ થયા હતા, જ્યારે સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૦૬ વધીને બંધમાં રૂ. ૪૬૧૮૯ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૪૧૮૦૦ ખૂલી, ઊપરમાં રૂ. ૪૧૮૨૮ અને નીચામાં રૂ. ૪૦૭૭૫ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૨ ઘટીને રૂ. ૪૧૬૮૬ બંધ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ. ૬૬ ઘટીને રૂ. ૪૧૬૯૮ અને ચાંદી-માઈક્રો એપ્રિલ રૂ. ૩૬ ઘટીને રૂ. ૪૨૬૩૨ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૧૦૯૯૧૫ સોદાઓમાં રૂ. ૨૦૫૯.૭૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૨૭૨ ખૂલી, ઊપરમાં રૂ. ૧૨૭૨ અને નીચામાં રૂ. ૮૪૮ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૮૭ ઘટીને રૂ. ૯૩૭ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૪૧૮૪ સોદાઓમાં કુલ રૂ. ૪૦૭.૪૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન એપ્રિલ વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૫૯૫૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૧૦૦ અને નીચામાં રૂ. ૧૫૮૪૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૦ ઘટીને રૂ. ૧૬૦૨૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૬૨૬.૬ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯.૮ ઘટીને બંધમાં રૂ. ૬૨૮.૧ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ. ૧૨૩૧.૨ ખૂલી, ઊપરમાં રૂ. ૧૨૪૫ અને નીચામાં રૂ. ૧૨૨૬ રહી, અંતે રૂ. ૧૨૩૧.૫ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૯૫૦ ખૂલી, ઊપરમાં રૂ. ૯૫૮.૫ અને નીચામાં રૂ. ૯૫૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧.૫૦ વધીને રૂ. ૯૫૨.૫ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૫૩૭૨૮ સોદાઓમાં કુલ રૂ. ૫૮૦૪.૦૩ કરોડ ની કીમતનાં ૧૨૬૪૫.૮૩૪ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૧૧૭૪૧૭ સોદાઓમાં કુલ રૂ. ૨૮૬૭.૯૩ કરોડ ની કીમતનાં ૬૯૧.૮૭૧ ટન, ક્રૂડ તેલમાં ૭૭૧૮૫ સોદાઓમાં રૂ. ૧૧૬૨.૨૧ કરોડનાં ૧૨૧૪૧૪૦૦ બેરલ્સ, કોટનમાં ૧૦૭૨ સોદાઓમાં રૂ. ૧૩૦.૦૩ કરોડનાં ૮૦૬૨૫ ગાંસડી, સીપીઓમાં ૩૦૭૩ સોદાઓમાં રૂ. ૨૭૫.૯૨ કરોડનાં ૪૪૯૦૦ ટન, મેન્થા તેલમાં ૩૦ સોદાઓમાં રૂ. ૧.૩૫ કરોડનાં ૧૧.૧૬ ટન, કપાસમાં ૯ સોદાઓમાં રૂ. ૧૭.૭૬ લાખનાં ૩૬ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૧૦૨૮.૭૦૭ કિલો, ચાંદીના વાયદાઓમાં ૧૮૪.૭૦૨ ટન, ક્રૂડ તેલમાં ૧૪૬૮૦ બેરલ્સ, કોટનમાં ૧૮૧૫૦૦ ગાંસડી, સીપીઓમાં ૬૪૧૪૦ ટન, એલચીમાં ૫.૨ ટન, મેન્થા તેલમાં ૬૫.૫૨ ટન અને કપાસમાં ૪૦૦ ટનના સ્તરે રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ રૂ. ૩૬૧.૧૬ કરોડનું ટર્નઓવર (નોશનલ) થયું હતું, જ્યારે પ્રીમિયમ ૧૯.૨૩ કરોડ નું રહ્યું હતું. ઓપ્શન્સના કુલ વોલ્યુમમાં કોલ ઓપ્શન્સનો હિસ્સો ૫૦.૭૧ ટકાનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો ૪૯.૨૯ ટકાનો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૬૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો મે કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૫૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૪૫૨.૫ અને નીચામાં રૂ. ૧૦૫૫.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૩૮૮ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૪૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો મે કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૫૦ ખૂલી, ઊપરમાં રૂ. ૬૭૭.૫ અને નીચામાં રૂ. ૫૬૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૯૦.૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૧૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો એપ્રિલ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૯૧૮ ખૂલી, ઊપરમાં રૂ. ૧૨૪૭ અને નીચામાં રૂ. ૮૭૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯૩૩ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૧૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો એપ્રિલ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૮૪૯ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૨૪ અને નીચામાં રૂ. ૬૧૯ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૭૦૧.૫ બંધ રહ્યો હતો. ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૨૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો મે કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૦૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૧૦ અને નીચામાં રૂ. ૬૫.૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯૦.૯ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૩૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો મે કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૩૯૦.૩ ખૂલી, ઊપરમાં રૂ. ૬૪૦ અને નીચામાં રૂ. ૩૯૦.૩ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૮૭.૨ બંધ રહ્યો હતો.

